શ્રીમદ્ભગવદ્ગીતા-
દૈવાસુરસમપદ્વિભાગયોગ
(સોળમો અધ્યાય)

**(શ્રીપુરુષોત્તમજીકૃત 'અમૃતતરંગિણી' તથા
શ્રીવલ્લભજીકૃત 'તત્ત્વદીપિકા'ના આધારે અન્વય તથા
સરળ ગુજરાતીમાં ભાવાર્થ સહિત)**

અન્વય - ભાવાર્થ :-

પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા.

: પ્રકાશક :

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

શ્રીમદ્ભગવદ્ગીતા-દૈવાસુરસમ્પદ્ વિભાગ યોગ

(સોળમો અધ્યાય)

અથ ષોડશોડધ્યાયઃ

શ્રીભગવાન્ ઉવાચ (શ્રીભગવાન બોલ્યા)

અભયં સત્ત્વસંશુદ્ધિઃ જ્ઞાનયોગવ્યવસ્થિતિઃ ।
દાનં દમશ્ચ યજ્ઞશ્ચ સ્વાધ્યાયસ્તપ આર્જવમ્ ॥ ૧ ॥
અહિંસા સત્યમક્રોધસ્ત્યાગઃ શાન્તિરપૈશુનમ્ ।
દયા ભૂતેષ્વલોલુપ્ત્વં માર્દવં હ્રીરચાપલમ્ ॥ ૨ ॥
તેજઃ ક્ષમા ધૃતિઃ શૌચમદ્રોહો નાતિમાનિતા ।
ભવન્તિ સમ્પદં દૈવીમભિજાતસ્ય ભારત ॥ ૩ ॥
દમ્ભો દર્પોડભિમાનશ્ચ ક્રોધઃ પારુષ્યમેવ ચ ।
અજ્ઞાનં ચાભિજાતસ્ય પાર્થ સમ્પદમાસુરીમ્ ॥ ૪ ॥
દૈવી સમ્પદ્વિમોક્ષાય નિબન્ધાયાસુરી મતા ।
મા શુચઃ સમ્પદં દૈવીમભિજાતોડસિ પાંડવ ॥ ૫ ॥
દ્વૌ ભૂતસર્ગૌ લોકેડસ્મિન્ દૈવ આસુર એવ ચ ।
દૈવો વિસ્તરશઃ પ્રોક્ત આસુરં પાર્થ મે શ્રૃણુ ॥ ૬ ॥
પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ જના ન વિદુરાસુરાઃ ।
ન શૌચં નાપિ ચાચારો ન સત્યં તેષુ વિદ્યતે ॥ ૭ ॥

અસત્યમપ્રતિષ્ઠં તે જગદાહુરનીશ્વરમ્ ।
અપરસ્પરસમ્ભૂતં કિમન્યત્કામહૈતુકમ્ ॥ ૮ ॥
એતાં દષ્ટિમવષ્ટભ્ય નષ્ટાત્માનોઽલ્પબુદ્ધયઃ ।
પ્રભવન્ત્યુગ્રકર્માણઃ ક્ષયાય જગતોઽહિતાઃ ॥ ૯ ॥
કામમાશ્રિત્ય દુષ્પૂરં દમ્ભમાનમદાન્વિતાઃ ।
મોહાદ્ગૃહીત્વાસદ્ગ્રાહાન્ પ્રવર્તન્તેઽશુચિવ્રતાઃ ॥ ૧૦ ॥
ચિન્તામપરિમેયાં ચ પ્રલયાન્તામુપાશ્રિતાઃ ।
કામોપભોગપરમા એતાવતદિતિ નિશ્ચિતાઃ ॥ ૧૧ ॥
આશાપાશશતૈર્બદ્ધાઃ કામક્રોધપરાયણાઃ ।
ઈહન્તે કામભોગાર્થમન્યાયેનાર્થસંચયાન્ ॥ ૧૨ ॥
ઈદમદ્ય મયા લબ્ધમિમં પ્રાપ્સ્યે મનોરથમ્ ।
ઈદમસ્તીદમપિ મે ભવિષ્યતિ પુનર્ધનમ્ ॥ ૧૩ ॥
અસૌ મયા હતઃ શત્રુર્હનિષ્યે ચાપરાનપિ ।
ઈશ્વરોઽહમહં ભોગી સિદ્ધોઽહં બલવાન્ સુખી ॥ ૧૪ ॥
આઢ્યોઽભિજનવાનસ્મિ કોઽન્યોઽસ્તિ સદશો મયા ।
યક્ષ્યે દાસ્યામિ મોદિષ્ય ઈત્યજ્ઞાનવિમોહિતાઃ ॥ ૧૫ ॥
અનેકચિત્તવિભ્રાન્તા મોહજાલસમાવૃતાઃ ।
પ્રસક્તાઃ કામભોગેષુ પતન્તિ નરકેઽશુચૌ ॥ ૧૬ ॥
આત્મસમ્ભાવિતાઃ સ્તબ્ધા ધનમાનમદાન્વિતાઃ ।
યજન્તે નામયજ્ઞૈસ્તે દમ્ભેનાવિધિપૂર્વકમ્ ॥ ૧૭ ॥
અહંકારં બલં દર્પં કામં ક્રોધં ચ સંશ્રિતાઃ ।

મામાત્મપરદેહેષુ પ્રદ્વિષન્તોઽભ્યસૂયકાઃ ॥ ૧૮ ॥
તાનહં દ્વિષતઃ ક્રૂરાન્ સંસારેષુ નરાધમાન્ ।
ક્ષિપામ્યજસ્રમશુભાનાસુરીષ્વેવ યોનિષુ ॥ ૧૯ ॥
આસુરીં યોનિમાપન્ના મૂઢા જન્મનિ જન્મનિ ।
મામપ્રાપ્યૈવ કૌન્તેય તતો યાન્ત્યધમાં ગતિમ્ ॥ ૨૦ ॥
ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ ।
કામઃ ક્રોધસ્તથા લોભસ્તસ્માદેતત્ ત્રયં ત્યજેત્ ॥ ૨૧ ॥
એતૈર્વિમુક્તઃ કૌન્તેય તમોદ્વારૈસ્ત્રિભિર્નરઃ ।
આચરત્યાત્મનઃ શ્રેયસ્તતો યાતિ પરાં ગતિમ્ ॥ ૨૨ ॥
યઃ શાસ્ત્રવિધિમુત્સૃજ્ય વર્તતે કામકારતઃ ।
ન સ સિદ્ધિમવાપ્નોતિ ન સુખં ન પરાં ગતિમ્ ॥ ૨૩ ॥
તસ્માચ્છાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ ।
જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તં કર્મ કર્તુમિહાર્હસિ ॥ ૨૪ ॥

ઈતિ શ્રીમદ્ ભગવદ્ ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે દૈવાસુરસમ્પદ્ વિભાગયોગો નામ ષોડશોઽધ્યાયઃ ॥ ૧૬ ॥

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

અથ ષોડશોડધ્યાયઃ

(ગીતાનો સોળમો અધ્યાય)

દૈવાસુર સમ્પદ્ વિભાગ યોગ

શ્રીભગવાન્ ઉવાચ (ભગવાન બોલ્યા)

અભયં સત્ત્વસંશુદ્ધિઃ જ્ઞાનયોગવ્યવસ્થિતિઃ ।
દાનં દમશ્ચ યજ્ઞશ્ચ સ્વાધ્યાયસ્તપ આર્જવમ્ ॥ ૧ ॥
અહિંસા સત્યમક્રોધસ્ત્યાગઃ શાન્તિરપૈશુનમ્ ।
દયા ભૂતેષ્વલોલુપ્ત્વં માર્દવં હ્રીરચાપલમ્ ॥ ૨ ॥
તેજઃ ક્ષમા ધૃતિઃ શૌચમદ્રોહો નાતિમાનિતા ।
ભવન્તિ સમ્પદં દૈવીમભિજાતસ્ય ભારત ॥ ૩ ॥

અન્વય	અર્થ
અભયમ્	(કાલ વગેરેથી થનારા સર્વ પ્રકારના) ભયનો અભાવ,
સત્ત્વસંશુદ્ધિઃ	સત્ત્વ=ચિત્તની સારી પેઠે શુદ્ધિ હોવી (ભગવત્પરાયણ ચિત્ત હોવું),
જ્ઞાનયોગ-વ્યવસ્થિતિઃ	ભગવદ્ જ્ઞાનરૂપ ઉપાયમાં એકાગ્રતાથી સ્થિતિ હોવી,
ચ	અને
દાનમ્	(કોઈ પણ પ્રકારની અભિલાષા રાખ્યા વિના માત્ર ભગવત્ પ્રીતિ અર્થે)(ગાય-પક્ષી-પશુ-બ્રાહ્મણ-ગરીબ-અતિથિ વગેરે માટે) અન્ન વગેરેનો વિભાગ કરવો,

દમઃ	ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો,
ચ	અને (બધા જ દેવો ભગવાનની વિભૂતિ છે માત્ર તેવા જ્ઞાન વડે જ)
યજ્ઞઃ	યથાશક્તિ, યથાવિધિ અને યથા અધિકાર અગ્નિહોત્ર વગેરે કર્મ દેવયજનરૂપ કરવાં,
સ્વાધ્યાયઃ	પોતાની શાખા અનુસાર બ્રહ્મયજ્ઞ વગેરે નિત્ય-નૈમિત્તિક કર્મ કરવાં,
તપઃ	ભગવાનના અર્થે વ્રત વગેરે વડે દેહક્લેશ સહન કરવાં,
આર્જવમ્	કુટિલતાથી રહિત રહેવું ॥ ૧ ॥
અહિંસા	કોઈને પણ પીડા ન કરવી,
સત્યમ્	પોતાના કે બીજાને અર્થે લોભ વગેરે રહિત રહી જે હોય તે જ બોલવું,
અક્રોધઃ	કારણ વિના જ કોઈ મારે યા અપશબ્દ કહે તો ત્યારે પણ ક્ષોભ નહીં પામવો,
ત્યાગઃ	વિષયભોગમાં કે પદાર્થમાં આસક્તિ ન હોવી,
શાન્તિઃ	લય-વિક્ષેપરહિત (રાજસ્-તામસ્ભાવ રહિત) ચિત્તની સ્થિર અવસ્થા,
અપૈશુનમ્	સર્વત્ર ભગવદાત્મ બુદ્ધિ હોવાથી બીજાની નિન્દા કરવાથી રહિત,
ભૂતેષુ દયા	જીવો ભગવાનથી વિખૂટા પડ્યા હોવાથી દુઃખી છે તેથી તેમને તે વાતનું સ્મરણ કરાવતો ઉપદેશ કરવો,

અલોલુપ્ત્વમ્	ભોગેચ્છા વડે વિષયભોગમાં દોડતા મનનો અભાવ,
માર્દવમ્	મૃદુતા-કોમલતાનો ભાવ હોવો,
હ્રીઃ	પ્રભુના વિપ્રયોગવાળી જીવનદશામાં ભગવત્સેવા વગેરે નહીં થવાથી લૌકિક પ્રવૃત્તિમાં લજ્જા,
અચાપલમ્	લૌકિક ક્રિયામાં આસક્તિવશ ભગવત્ સમ્બન્ધી ક્રિયામાં ખોટી ઉતાવળ કરવાનો અભાવ ॥ ૨ ॥
તેજઃ	તેજ (સ્વરૂપ-વાણી-ક્રિયામાં તેજસ્વિતા),
ક્ષમા	પોતાનામાં સામર્થ્ય હોઈને પણ પોતાનો પરાજય વગેરે થાય ત્યારે પણ બીજા ઉપર (અપરાધી ઉપર) ક્રોધ ન થવો,
ધૃતિઃ	લૌકિક કે અલૌકિક દુઃખો આવી પડે ત્યારે પણ ચિત્તનું સ્થિર રહેવું,
શૌચમ્	સ્નાન વગેરેથી બાહ્ય અને ભગવત્સ્મરણ વગેરેથી આન્તર શુદ્ધિ હોવી,
અદ્રોહઃ	બીજાનું અનિષ્ટ થાઓ તેવા ચિન્તનનો અભાવ,
ન અતિ-માનિતા	પોતે જ સર્વથી શ્રેષ્ઠ છે તેમ માનવાનો ભાવ ન હોવો,
ભારત	હે ભરતવંશી અર્જુન !
દૈવીમ્-સમ્પદમ્	ભગવત્ ક્રીડામાં ઉપયોગી સાત્ત્વિકી સમ્પદ્ને લઈ,
અભિજાતસ્ય	ઉત્પન્ન થયેલાને (ભગવદ્અભિમુખતા વડે ભગવત્ કૃપાથી તેને ઉપર્યુક્ત ૨૬ ગુણો)

ભવન્તિ	થાય છે (આ બધા ગુણવાળો દૈવીજીવ ભગવદ્ અભિમુખ છે, તેનાં આ ૨૬ લક્ષણો છે) ॥ ૩ ॥

ભાવાર્થ – (કાલ વગેરેથી થનારા સર્વ પ્રકારના) ભયનો અભાવ, સત્ત્વ=ચિત્તની સારી પેઠે શુદ્ધિ હોવી (ભગવત્પરાયણ ચિત્ત હોવું), ભગવદ્ જ્ઞાનરૂપ ઉપાયમાં એકાગ્રતાથી સ્થિતિ હોવી, અને (કોઈ પણ પ્રકારની અભિલાષા રાખ્યા વિના માત્ર ભગવત્ પ્રીતિ અર્થે) (ગાય-પક્ષી-પશુ-બ્રાહ્મણ-ગરીબ- અતિથિ વગેરે માટે) અન્ન વગેરેનો વિભાગ કરવો, ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો, અને (બધા જ દેવો ભગવાનની વિભૂતિ છે માત્ર તેવા જ્ઞાન વડે જ) યથાશક્તિ, યથાવિધિ અને યથા અધિકાર અગ્નિહોત્ર વગેરે કર્મ દેવયજન રૂપ કરવાં, પોતાની શાખા અનુસાર બ્રહ્મયજ્ઞ વગેરે નિત્ય-નૈમિત્તિક કર્મ કરવાં, ભગવાનના અર્થે વ્રત વગેરે વડે દેહક્લેશ સહન કરવાં, કુટિલતાથી રહિત રહેવું ॥ ૧ ॥ કોઈને પણ પીડા ન કરવી, પોતાના કે બીજાને અર્થે લોભ વગેરે રહિત રહી જે હોય તે જ બોલવું, કારણ વિના જ કોઈ મારે યા અપશબ્દ કહે તો ત્યારે પણ ક્ષોભ નહીં પામવો, વિષયભોગમાં કે પદાર્થમાં આસક્તિ ન હોવી, લય-વિક્ષેપરહિત (રાજસ્-તામસ્ભાવ રહિત) ચિત્તની સ્થિર અવસ્થા, સર્વત્ર ભગવદાત્મબુદ્ધિ હોવાથી બીજાની નિન્દા કરવાથી રહિત, જીવો ભગવાનથી વિખૂટા પડ્યા હોવાથી દુઃખી છે તેથી તેમને તે વાતનું સ્મરણ કરાવતો ઉપદેશ કરવો, ભોગેચ્છા વડે વિષયભોગમાં દોડતા મનનો અભાવ, મૃદુતા-કોમલતાનો ભાવ હોવો, પ્રભુના વિપ્રયોગવાળી જીવનદશામાં ભગવત્સેવા વગેરે નહીં થવાથી લૌકિક પ્રવૃત્તિમાં લજ્જા, લૌકિક ક્રિયામાં આસક્તિવશ ભગવત્ સમ્બન્ધી ક્રિયામાં ખોટી ઉતાવળ કરવાનો અભાવ ॥ ૨ ॥ તેજ (સ્વરૂપ-વાણી-ક્રિયામાં તેજસ્વિતા), પોતાનામાં સામર્થ્ય હોઈને પણ પોતાનો પરાજય વગેરે થાય ત્યારે પણ બીજા ઉપર (અપરાધી ઉપર) ક્રોધ ન થવો, લૌકિક કે અલૌકિક દુઃખો આવી પડે ત્યારે પણ ચિત્તનું સ્થિર રહેવું, સ્નાન વગેરેથી બાહ્ય અને ભગવત્સ્મરણ વગેરેથી આન્તર

શુદ્ધિ હોવી, બીજાનું અનિષ્ટ થાઓ તેવા ચિન્તનનો અભાવ, પોતે જ સર્વથી શ્રેષ્ઠ છે તેમ માનવાનો ભાવ ન હોવો, હે ભરતવંશી અર્જુન ! ભગવત્ ક્રીડામાં ઉપયોગી સાત્ત્વિકી સમ્પદ્ને લઇ, ઉત્પન્ન થયેલાને (ભગવદ્ અભિમુખતા વડે ભગવત્ કૃપાથી તેને ઉપર્યુક્ત ૨૬ ગુણો) થાય છે (આ બધા ગુણવાળો દૈવીજીવ ભગવદ્ અભિમુખ છે તેનાં આ ૨૬ લક્ષણો છે) ।। ૩ ।।

દમ્ભો દર્પોડભિમાનશ્ચ ક્રોધઃ પારુષ્યમેવ ચ ।
અજ્ઞાનં ચાભિજાતસ્ય પાર્થ સમ્પદમાસુરીમ્ ।। ૪ ।।

અન્વય	અર્થ
પાર્થ	હે પૃથા (કુન્તી) પુત્ર અર્જુન !
દમ્ભઃ	પાખંડ (અંદર ન હોઇને પણ બહાર દેખાડો કરવો),
દર્પઃ	ઘમંડ (વિદ્યા વગેરે મદમાં પોતાની જાત ભૂલી જઇ બીજા બધાને દબાવી દઇ પોતે બધાથી અધિકરૂપે સ્થિતિ કરવી),
ચ	અને
અભિમાનઃ	બીજાની અપેક્ષાએ પોતાને નાના-મોટા રૂપમાં મનથી માની લેવું,
ચ	તથા
ક્રોધઃ	પોતાનામાં બીજાથી અધિક બળ છે તેમ ભાવન કરી બીજાને માટે ચુભી જાય તેવાં નિષ્ઠુર વાક્યો બોલવાં-તેનું અનિષ્ટ ચિન્તન કરવું વગેરે,
પારુષ્યમ્	કર્કશતા હોવી- બીજાનાં દુઃખ નહીં જાણી શકવાં,
એવ	જ (ક્યાંય અને ક્યારેય કર્કશતા જ રહેવી),
ચ	અને
અજ્ઞાનમ્	(જીવ-જગત-ભગવાનના સ્વરૂપને નહીં જાણી શકવાનું) અજ્ઞાન (આ બધાં છ લક્ષણો)
આસુરીમ્	આસુરી
સમ્પદમ્	સમ્પદામાં
અભિજાતસ્ય	(મારી ઈચ્છાથી) ઉત્પન્ન થયેલા પુરુષનાં (લક્ષણ છે) ।। ૪ ।।

ભાવાર્થ – હે પૃથા (કુન્તી) પુત્ર અર્જુન ! પાખંડ (અંદર ન હોઇને પણ બહાર દેખાડો કરવો), ઘમંડ (વિદ્યા વગેરે મદમાં પોતાની જાત ભૂલી જઇ બીજા બધાને દબાવી દઇ પોતે બધાથી અધિકરૂપે સ્થિતિ કરવી), અને બીજાની અપેક્ષાએ પોતાને નાના-મોટા રૂપમાં મનથી માની લેવું, તથા પોતાનામાં બીજાથી અધિક બળ છે તેમ ભાવન કરી બીજાને માટે ચુભી જાય તેવા નિષ્ઠુર વાક્યો બોલવાં-તેનું અનિષ્ટ ચિન્તન કરવું વગેરે, કર્કશતા હોવી- બીજાનાં દુઃખ નહીં જાણી શકવાં, જ (ક્યાંય અને ક્યારેય કર્કશતા જ રહેવી), અને (જીવ-જગત-ભગવાનના સ્વરૂપને નહીં જાણી શકવાનું) અજ્ઞાન (આ બધાં છ લક્ષણો) આસુરી સમ્પદામાં (મારી ઈચ્છાથી) ઉત્પન્ન થયેલા પુરુષનાં (લક્ષણ છે) ।। ૪ ।।

દૈવી સમ્પદ્વિમોક્ષાય નિબન્ધાયાસુરી મતા ।
મા શુચઃ સમ્પદં દૈવીમભિજાતોડસિ પાંડવ ।। ૫ ।।

અન્વય	અર્થ
દૈવી સમ્પત્	(પુષ્ટિજીવ-મર્યાદાજીવના બે ભેદે રહેલ) દૈવી સમ્પદા
વિમોક્ષાય	વિશેષ કરીને મોક્ષને માટે (માનવામાં આવી છે અને)

આસુરી	આસુરી સમ્પદા
નિબન્ધાય	નિબન્ધને માટે (નિતરાં બન્ધને માટે - વળી સંસારમાં જ વારંવાર આવ-જાવ કરીને અન્તે અન્ધંતમઃ માં પ્રવેશ માટે)
મતા	માનેલી છે. (તેથી આ વાત સાંભળીને યુદ્ધમાં તું આવ્યો ત્યારે કૌરવો વગેરે પ્રતિ તારામાં ક્રોધ ઉત્પન્ન થતો જોઈ એમ નહીં માની લેતો કે તું પણ આસુરી છે અને અન્ધંતમઃમાં પ્રવેશશે, એમ નહીં માનવાનું કારણ છે -)
પાંડવ	પાંડુપુત્ર અર્જુન ! (તું તો દૈવી સ્વભાવવાળા પાંડુનો પુત્ર છે) (તેથી)
મા, શુચઃ	તું શોક નહીં કર, (કારણ કે તું તો)
દૈવીમ્	દૈવી
સમ્પદમ્	સમ્પદામાં
અભિજાતઃ	ઉત્પન્ન થયેલો
અસિ	છે ।। ૫ ।।

ભાવાર્થ – (પુષ્ટિજીવ-મર્યાદાજીવના બે ભેદે રહેલ) દૈવી સમ્પદા વિશેષ કરીને મોક્ષને માટે (માનવામાં આવી છે અને) આસુરી સમ્પદા નિબન્ધને માટે (નિતરાં બન્ધને માટે - વળી સંસારમાં જ વારંવાર આવ-જાવ કરીને અન્તે અન્ધંતમઃ માં પ્રવેશ માટે) માનેલી છે. (તેથી આ વાત સાંભળીને યુદ્ધમાં તું આવ્યો ત્યારે કૌરવો વગેરે પ્રતિ તારામાં ક્રોધ ઉત્પન્ન થતો જોઈ એમ નહીં માની લેતો કે તું પણ આસુરી છે અને અન્ધંતમઃમાં પ્રવેશશે, એમ નહીં માનવાનું કારણ છે -) પાંડુપુત્ર અર્જુન ! (તું તો દૈવી સ્વભાવવાળા પાંડુનો પુત્ર છે) (તેથી) તું શોક નહીં કર, (કારણ કે તું તો)

દૈવી સમ્પદામાં ઉત્પન્ન થયેલો છે ।। ૫ ।।

દ્વૌ ભૂતસર્ગૌ લોકેડસ્મિન્ દૈવ આસુર એવ ચ ।
દૈવો વિસ્તરશઃ પ્રોક્ત આસુરં પાર્થ મે શ્રૃણુ ।। ૬ ।।

અન્વય	અર્થ
પાર્થ	હે પૃથાના પુત્ર (હે મારા કૃપાપાત્ર એવા કુન્તીના પુત્ર) અર્જુન!
અસ્મિન્	આ
લોકે	લોકમાં
ભૂતસર્ગૌ	જીવોની સૃષ્ટિ
દ્વૌ	બે પ્રકારની છે
દૈવઃ	(એક તો) દૈવ (દૈવી સમ્પદાવાળા જીવોની છે)
ચ	અને
આસુરઃ	(બીજી) આસુર (આસુરી સમ્પદાવાળા જીવોની)
એવ	જ (છે).
દૈવઃ	(તેમાં) દૈવી સર્ગ
વિસ્તરશઃ	(પૂર્વમાં તેનાં ફલ વગેરે સહિત) વિસ્તારપૂર્વક
પ્રોક્તઃ	કહ્યો (હવે તું)
આસુરમ્	(પહેલાં સંક્ષેપમાં કહ્યો તે) આસુર સર્ગને
એવ	પણ (વિસ્તારપૂર્વક)

મે	મારાથી
શ્રૃણુ	સાંભળ ॥ ૬ ॥

ભાવાર્થ – હે પૃથાના પુત્ર (હે મારા કૃપાપાત્ર એવા કુન્તીના પુત્ર) અર્જુન! આ લોકમાં જીવોની સૃષ્ટિ બે પ્રકારની છે (એક તો) દૈવ (દૈવી સમ્પદાવાળા જીવોની છે) અને (બીજી) આસુર (આસુરી સમ્પદાવાળા જીવોની) જ (છે). (તેમાં) દૈવી સર્ગ (પૂર્વમાં તેનાં ફલ વગેરે સહિત) વિસ્તારપૂર્વક કહ્યો (હવે તુ) (પહેલાં સંક્ષેપમાં કહ્યો તે) આસુર સર્ગને પણ (વિસ્તારપૂર્વક) મારાથી સાંભળ ॥ ૬ ॥

પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ જના ન વિદુરાસુરાઃ ।
ન શૌચં નાપિ ચાચારો ન સત્યં તેષુ વિદ્યતે ॥ ૭ ॥

અન્વય	અર્થ
આસુરાઃ	(તે) આસુરી (જીવો કે જે)
જનાઃ	(આસુર સર્ગમાં જ પાછા ઉત્પન્ન થયેલા છે તેવા) લોકો
પ્રવૃત્તિમ્	(મારી ઈચ્છા વડે મારી સેવાને અનુકૂલ ધર્મ પદાર્થ વગેરેમાં) પ્રવૃત્તિને
ચ	અને
નિવૃત્તિમ્	(તેવી જ રીતે મારી સેવાને અનુકૂલ ન હોય તેવા ધર્મમાં પ્રવૃત્તિના અભાવરૂપ) નિવૃત્તિને
ચ	પણ
ન	નથી
વિદુઃ	જાણતા.
તેષુ	તેમનામાં
ન	ન તો
શૌચમ્	બાહ્ય-આન્તર શુદ્ધિ (મારી સેવાને અનુકૂલ એવી અંદર-બહારની દેહ શુદ્ધિ તેમનામાં હોય છે કે)
ન, અપિ	ન તો (તેમનામાં)
આચારઃ	શ્રેષ્ઠ આચરણ (હોય છે)
ચ	અને
ન	ન (તેમનામાં)
સત્યમ્	સત્ય (સત્યનો સ્વીકાર)
વિદ્યતે	હોય છે ॥ ૭ ॥

ભાવાર્થ – (તે) આસુરી (જીવો કે જે) (આસુર સર્ગમાં જ પાછા ઉત્પન્ન થયેલા છે તેવા) લોકો (મારી ઈચ્છા વડે મારી સેવાને અનુકૂલ ધર્મ પદાર્થ વગેરેમાં) પ્રવૃત્તિને અને (તેવી જ રીતે મારી સેવાને અનુકૂલ ન હોય તેવા ધર્મમાં પ્રવૃત્તિના અભાવરૂપ) નિવૃત્તિને પણ નથી જાણતા. તેમનામાં ન તો બાહ્ય-આન્તર શુદ્ધિ (મારી સેવાને અનુકૂલ એવી અંદર-બહારની દેહ શુદ્ધિ તેમનામાં હોય છે કે) ન તો (તેમનામાં) શ્રેષ્ઠ આચરણ (હોય છે) અને ન (તેમનામાં) સત્ય (સત્યનો સ્વીકાર) હોય છે ॥ ૭ ॥

અસત્યમપ્રતિષ્ઠં તે જગદાહુરનીશ્વરમ્ ।
અપરસ્પરસમ્ભૂતં કિમન્યત્કામહૈતુકમ્ ॥ ૮ ॥

અન્વય	અર્થ
જગત્	આ જગત છે તે

અસત્યમ્	અસત્ય છે (એની કોઈ સત્તા નથી) (વળી)
અપ્રતિષ્ઠમ્	આ અપ્રતિષ્ઠિત આશ્રય-આધારરહિત છે (તેમજ)
અનીશ્વરમ્	અનીશ્વર એટલે કે એનો કોઈ કર્તા-બનાવનાર નથી, (જો જગતનો કોઈ કર્તા જ નથી તો પછી તેની ઉત્પત્તિ કેવી રીતે ? તો કહે છે -)
અપરસ્પર-સમ્ભૂતમ્	અપર-પર (સ્ત્રી-પુરુષ)ના સંયોગથી થયેલું
કામહૈતુકમ્	(ફક્ત) એમાં સ્ત્રી-પુરુષનો કામ જ કારણ છે,
અન્યત્	આ સિવાય (જગતમાં) બીજું કારણ
કિમ્	શું છે ? (એમ)
તે	તે અસુરો (આસુરી સમ્પદામાં ઉત્પન્ન થયેલાઓ)
આહુઃ	કહે છે ।। ૮ ।।

ભાવાર્થ – આ જગત છે તે અસત્ય છે (એની કોઈ સત્તા નથી) (વળી) આ અપ્રતિષ્ઠિત આશ્રય-આધારરહિત છે (તેમજ) અનીશ્વર એટલે કે એનો કોઈ કર્તા-બનાવનાર નથી, (જો જગતનો કોઈ કર્તા જ નથી તો પછી તેની ઉત્પત્તિ કેવી રીતે ? તો કહે છે -) અપર-પર (સ્ત્રી-પુરુષ)ના સંયોગથી થયેલું (ફક્ત) એમાં સ્ત્રી-પુરુષનો કામ જ કારણ છે, આ સિવાય (જગતમાં) બીજું કારણ શું છે ? (એમ) તે અસુરો (આસુરી સમ્પદામાં ઉત્પન્ન થયેલાઓ) કહે છે ।। ૮ ।।

એતાં દષ્ટિમવષ્ટભ્ય નષ્ટાત્માનોઽલ્પબુદ્ધયઃ ।
પ્રભવન્ત્યુગ્રકર્માણઃ ક્ષયાય જગતોઽહિતાઃ ।। ૯ ।।

અન્વય	અર્થ
એતામ્	આ (કામહેતુ સ્વરૂપની લૌકિકી)
દષ્ટિમ્	દષ્ટિનો
અવષ્ટભ્ય	આશ્રય કરીને - અવલમ્બન કરીને
નષ્ટાત્માનઃ	(પોતાના દેહથી અતિરિક્ત) આત્માના સ્વરૂપને નહીં જોનારા
અલ્પબુદ્ધયઃ	(જેમને પ્રત્યક્ષ સિવાયનું બીજું કંઈ પણ સૂઝતું - દેખાતું ન હોય તેવા) મન્દબુદ્ધિવાળા
ઉગ્રકર્માણઃ	હિંસા પ્રધાન ક્રૂર કર્મને કરનારા (અને એ રીતે બધાના)
અહિતાઃ	શત્રુરૂપ (એવા આ આસુરીલોકો)
જગતઃ	સર્વ લોકનો
ક્ષયાય	નરક વગેરેમાં અધઃપતન કરાવી તેમનો નાશ કરવા
પ્રભવન્તિ	ઉત્પન્ન થાય છે ।। ૯ ।।

ભાવાર્થ – આ (કામહેતુ સ્વરૂપની લૌકિકી) દષ્ટિનો આશ્રય કરીને - અવલમ્બન કરીને (પોતાના દેહથી અતિરિક્ત) આત્માના સ્વરૂપને નહીં જોનારા (જેમને પ્રત્યક્ષ સિવાયનું બીજું કંઈ પણ સૂઝતું - દેખાતું ન હોય તેવા) મન્દબુદ્ધિવાળા હિંસા પ્રધાન ક્રૂર કર્મને કરનારા (અને એ રીતે બધાના) શત્રુરૂપ (એવા આ આસુરીલોકો) સર્વ લોકનો નરક વગેરેમાં અધઃપતન કરાવી તેમનો નાશ કરવા ઉત્પન્ન થાય છે ।। ૯ ।।

કામમાશ્રિત્ય દુષ્પૂરં દમ્ભમાનમદાન્વિતાઃ ।
મોહાદ્ ગૃહીત્વાસદ્ગ્રાહાન્ પ્રવર્તન્તેઽશુચિવ્રતાઃ ।। ૧૦ ।।

અન્વય	અર્થ
દુષ્પૂરમ્	જે અતિકષ્ટથી પણ પૂરવો - પૂર્ણ કરવો અશક્ય છે તેવા
કામમ્	કામનો
આશ્રિત્ય	આશ્રય કરીને
દમ્ભ-	પારલૌકિકવેષ ધારણ કરીને પોતે ધાર્મિક છે તેવું બીજાને જાણાવવું,
માન-	લોકોમાં પોતાની પૂજા-વાહવાહ થાય તેવી વૃત્તિ (અને)
મદ-	પોતાના સ્વરૂપને વિસ્મરી એક માત્ર કામમાં જ પરાયણ થઈને રહેવું (વગેરેથી)
અન્વિતાઃ	અન્વિત-યુક્ત થયેલા (એવા આ લોકો)
અસદ્ગ્રાહાન્	ક્ષુદ્રદેવોના મંત્રોને
મોહાત્	(આ મંત્રો અને દેવો સકલ કાર્યના સાધક છે) એમ ભ્રમથી - મૂઢતાથી માની લઈ (તેને)
ગૃહીત્વા	સ્વીકારીને
અશુચિવ્રતાઃ	અપેયપાન વગેરેમાં રત થયેલા ભ્રષ્ટ આચરણવાળા થઈને
પ્રવર્તન્તે	તે - તે દેવોની આરાધના વગેરેમાં પ્રવર્તન કરનારા હોય છે ॥ ૧૦ ॥

ભાવાર્થ – જે અતિકષ્ટથી પણ પૂરવો - પૂર્ણ કરવો અશક્ય છે તેવા કામનો આશ્રય કરીને પારલૌકિકવેષ ધારણ કરીને પોતે ધાર્મિક છે તેવું બીજાને જાણાવવું, લોકોમાં પોતાની પૂજા-વાહવાહ થાય તેવી વૃત્તિ (અને) પોતાના સ્વરૂપને વિસ્મરી એક માત્ર કામમાં જ પરાયણ થઈને રહેવું (વગેરેથી) અન્વિત-યુક્ત થયેલા (એવા આ લોકો) ક્ષુદ્રદેવોના મંત્રોને (આ મંત્રો અને દેવો સકલ કાર્યના સાધક છે) એમ ભ્રમથી - મૂઢતાથી માની લઈ (તેને) સ્વીકારીને અપેયપાન વગેરેમાં રત થયેલા ભ્રષ્ટ આચરણવાળા થઈને તે - તે દેવોની આરાધના વગેરેમાં પ્રવર્તન કરનારા હોય છે ॥ ૧૦ ॥

ચિન્તામપરિમેયાં ચ પ્રલયાન્તામુપાશ્રિતાઃ ।
કામોપભોગપરમા એતાવતદિતિ નિશ્ચિતાઃ ॥ ૧૧ ॥

અન્વય	અર્થ
અપરિમેયામ્	જેનું માપ કાઢવું - તોલવું મુશ્કેલ છે (એવી)
પ્રલયાન્તામ્	મરણ પર્યન્ત રહેનારી
ચિન્તામ્	ચિન્તાનો
ઉપ- આશ્રિતાઃ	આશ્રય કરીને રહેલા (અહર્નિશ ચિન્તાવાળા),
કામોપ- ભોગ પરમાઃ	વિષયોનો ઉપભોગ જ જેમના માટે ફલરૂપ છે એવા કામોપભોગમાં જ પરાયણ થયેલા
ચ	અને
એતાવત્	આટલું જ (આ જગતમાં આજ - આટલું જ સુખ છે)
ઈતિ	એમ
નિશ્ચિતાઃ	(સારી રીતે મનમાં) નિશ્ચય કરેલા ॥ ૧૧ ॥

ભાવાર્થ – જેનું માપ કાઢવું - તોલવું મુશ્કેલ છે (એવી) મરણ પર્યન્ત રહેનારી ચિન્તાનો આશ્રય કરીને રહેલા (અહર્નિશ ચિન્તાવાળા)

વિષયોનો ઉપભોગ જ જેમના માટે ફલરૂપ છે એવા કામોપભોગમાં જ પરાયણ થયેલા અને આટલું જ (આ જગતમાં આ જ - આટલું જ સુખ છે) એમ (સારી રીતે મનમાં) નિશ્ચય કરેલા ।। ૧૧ ।।

આશાપાશશતૈર્બદ્ધાઃ કામક્રોધપરાયણાઃ ।
ઈહન્તે કામભોગાર્થમન્યાયેનાર્થસંચયાન્ ।। ૧૨ ।।

અન્વય	અર્થ
આશાપાશ-શતૈઃ	(અને તેના અર્થેથી જ) સેંકડો આશાઓના બંધનમાં - જાળમાં
બદ્ધાઃ	બંધાયેલા-ફસાયેલા
કામક્રોધ-પરાયણાઃ	કામ-ક્રોધનો આશ્રય કરીને જ સર્વ કંઇ કરનારા (અને)
કામભોગાર્થમ્	(કામભોગ વડે જ પોતે કૃત પુરુષાર્થ છે તેવો નિશ્ચય કરીને) કામભોગ-વિષયભોગને અર્થે જ
અન્યાયેન	(ચોરી-અપહરણ-હિંસા વગેરે) અન્યાય પૂર્વક જ
અર્થસંચયાન્	ધન વગેરે પદાર્થોનો સંગ્રહ કરવાની
ઈહન્તે	ઈચ્છા યા ચેષ્ટા કરે છે ।। ૧૨ ।।

ભાવાર્થ – (અને તેના અર્થેથી જ) સેંકડો આશાઓના બંધનમાં - જાળમાં બંધાયેલા-ફસાયેલા, કામ-ક્રોધનો આશ્રય કરીને જ સર્વ કંઇ કરનારા (અને) (કામભોગ વડે જ પોતે કૃત પુરુષાર્થ છે તેવો નિશ્ચય કરીને) કામભોગ-વિષયભોગને અર્થે જ (ચોરી-અપહરણ-હિંસા વગેરે) અન્યાયપૂર્વક જ ધન વગેરે પદાર્થોનો સંગ્રહ કરવાની ઈચ્છા યા ચેષ્ટા કરે છે ।। ૧૨ ।।

ઈદમદ્ય મયા લબ્ધમિમં પ્રાપ્સ્યે મનોરથમ્ ।
ઈદમસ્તીદમપિ મે ભવિષ્યતિ પુનર્ધનમ્ ।। ૧૩ ।।

અન્વય	અર્થ
મયા	(ભગવદિચ્છા યા ભાગ્યથી નહીં જાણી) મેં (મારા પ્રયત્ન વડે)
અદ્ય	આજે
ઈદમ્	આ
લબ્ધમ્	પ્રાપ્ત કર્યું છે (એમ માને છે, તથા આ મુજબ જ પ્રયત્ન કરતા રહેતાં)
ઈદમ્	આ
મનોરથમ્	મનમાં જે અભીષ્ટ છે તે
પ્રાપ્સ્યે	પ્રાપ્ત કરીશ.
ઈદમ્	આ (ભોગ વગેરે અર્થે આટલું)
ધનમ્	ધન
મે	મારી પાસે
અસ્તિ	છે (અને મારી ઈચ્છા-પ્રયત્ન-સામર્થ્યથી)
પુનઃ	ફરી (બીજું)
અપિ	પણ
ઈદમ્	આ (ધન મારા માટે લબ્ધ)
ભવિષ્યતિ	થશે ।। ૧૩ ।।

ભાવાર્થ – (ભગવદિચ્છા યા ભાગ્યથી નહીં જાણી) મેં (મારા પ્રયત્ન વડે) આજે આ પ્રાપ્ત કર્યું છે (એમ માને છે, તથા આ મુજબ જ પ્રયત્ન કરતા રહેતાં) આ મનમાં જે અભીષ્ટ છે તે પ્રાપ્ત કરીશ. આ (ભોગ વગેરે અર્થે આટલું) ધન મારી પાસે છે (અને મારી ઈચ્છા-પ્રયત્ન-સામર્થ્યથી) ફરી (બીજું) પણ આ (ધન મારા માટે લબ્ધ) થશે ।। ૧૩ ।।

અસૌ મયા હતઃ શત્રુર્હનિષ્યે ચાપરાનપિ ।
ઈશ્વરોઽહમહં ભોગી સિદ્ધોઽહં બલવાન્ સુખી ।। ૧૪ ।।
આઢ્યોઽભિજનવાનસ્મિ કોઽન્યોઽસ્તિ સદશો મયા ।
યક્ષ્યે દાસ્યામિ મોદિષ્ય ઈત્યજ્ઞાનવિમોહિતાઃ ।। ૧૫ ।।

અન્વય	અર્થ
અસૌ	આ
શત્રુઃ	(મારો) શત્રુ
મયા	મારા વડે
હતઃ	હણાયો
ચ	અને
અપરાન્	બીજા પણ તેવા શત્રુઓને
અપિ	પણ
અહમ્	હું
હનિષ્યે	હણી નાંખીશ,
અહમ્	હું

ઈશ્વરઃ	(બધું જ કરવા સમર્થ) ઈશ્વર છું,
અહમ્	હું
ભોગી	(ભોગોના સાધનોથી સમ્પન્ન) ભોગી છું,
અહમ્	હું
સિદ્ધઃ	(કૃતકૃત્ય થયેલો) સિદ્ધ છું, (તેમજ)
બલવાન્	બલવાળો છું,
સુખી	(પોતાને અભીષ્ટ સિદ્ધ કરવાનાં સાધનોથી સમ્પન્ન) સુખી છું ।। ૧૪ ।।
આઢ્યઃ	(હું) વિપુલ ધનવાળો છું (અને)
અભિજનવાન્	હું સત્કુલમાં ઉત્પન્ન થયેલો - સત્કુલવાળો
અસ્મિ	છું,
મયા	(આ વિશ્વમાં) મારા
સદશઃ	સમાન-બરાબર
અન્યઃ	બીજો
કઃ	કોણ
અસ્તિ	છે ? (તેમ છતાં પણ પ્રતિષ્ઠા વગેરેને અર્થે મોટા-મોટા)
યક્ષ્યે	યજ્ઞ હું કરીશ,
દાસ્યામિ	(અધમોને તથા અનુવર્તીઓને ધન-અન્ન વગેરે) આપીશ,

મોદિષ્યે	હું આનન્દ-પ્રમોદ કરીશ,
ઈતિ	આ પ્રકારે
અજ્ઞાન-વિમોહિતાઃ	અજ્ઞાન વડે કરીને મોહિત થયેલા (અને તેથી કરીને) ॥ ૧૫ ॥

ભાવાર્થ – આ (મારો) શત્રુ મારા વડે હણાયો અને બીજા પણ તેવા શત્રુઓને પણ હું હણી નાંખીશ, હું (બધું જ કરવા સમર્થ) ઈશ્વર છું, હું (ભોગોનાં સાધનોથી સમ્પન્ન) ભોગી છું, હું (કૃતકૃત્ય થયેલો) સિદ્ધ છું, (તેમજ) બલવાળો છું, (પોતાને અભીષ્ટ સિદ્ધ કરવાનાં સાધનોથી સમ્પન્ન) સુખી છું॥ ૧૪॥ (હું) વિપુલ ધનવાળો છું (અને) (હું) સત્કુલમાં ઉત્પન્ન થયેલો - સત્કુલવાળો છું, (આ વિશ્વમાં) મારા સમાન-બરાબર બીજો કોણ છે ? (તેમ છતાં પણ પ્રતિષ્ઠા વગેરેને અર્થે મોટા-મોટા) યજ્ઞ હું કરીશ (અધમોને તથા અનુવર્તીઓને ધન-અન્ન વગેરે) આપીશ, હું આનન્દ-પ્રમોદ કરીશ, આ પ્રકારે અજ્ઞાન વડે કરીને મોહિત થયેલા (અને તેથી કરીને) ॥ ૧૫ ॥

અનેકચિત્તવિભ્રાન્તા મોહજાલસમાવૃતાઃ ।
પ્રસક્તાઃ કામભોગેષુ પતન્તિ નરકેઽશુચૌ ॥ ૧૬ ॥

અન્વય	અર્થ
અનેકચિત્ત-વિભ્રાન્તાઃ	(ક્ષુદ્રદેવો-મનોરથો વગેરેમાં ચિત્ત વ્યાપેલું રહેવાથી) અનેક પ્રકારે ભ્રમિત-વિક્ષિપ્ત ચિત્તવાળા (અને તે વિભ્રાન્તિની જ)
મોહજાલ-	મોહરૂપી જાળમાં (પક્ષીઓની માફક) સારી રીતે
સમાવૃતાઃ	વીંટળાયેલા-ફસાયેલા (તે જાળમાંથી બહાર નીકળવા અસમર્થ એવા) (અને)
કામભોગેષુ	વિષયોના ભોગમાં તથા કુટુંબ વગેરેનાં પોષણમાં
પ્રસક્તાઃ	અત્યન્ત આસક્ત થયેલા એવા (આસુર લોકો)
અશુચૌ	પાપ સ્વરૂપના પરમદુઃખના નિધાન અને અપવિત્ર એવા
નરકે	નરકમાં (એમની ઈચ્છા વિરુદ્ધ પણ વિવશ બની)
પતન્તિ	પડે છે ॥ ૧૬ ॥

ભાવાર્થ – (ક્ષુદ્રદેવો-મનોરથો વગેરેમાં ચિત્ત વ્યાપેલું રહેવાથી) અનેક પ્રકારે ભ્રમિત-વિક્ષિપ્ત ચિત્તવાળા (અને તે વિભ્રાન્તિની જ) મોહરૂપી જાળમાં (પક્ષીઓની માફક) સારી રીતે વીંટળાયેલા-ફસાયેલા (તે જાળમાંથી બહાર નીકળવા અસમર્થ એવા) (અને) વિષયોના ભોગમાં તથા કુટુંબ વગેરેનાં પોષણમાં અત્યન્ત આસક્ત થયેલા એવા (આસુર લોકો) પાપ સ્વરૂપના પરમદુઃખના નિધાન અને અપવિત્ર એવા નરકમાં (એમની ઈચ્છા વિરુદ્ધ પણ વિવશ બની) પડે છે ॥ ૧૬ ॥

આત્મસમ્ભાવિતાઃ સ્તબ્ધા ધનમાનમદાન્વિતાઃ ।
યજન્તે નામયજ્ઞૈસ્તે દમ્ભેનાવિધિપૂર્વકમ્ ॥ ૧૭ ॥

અન્વય	અર્થ
આત્મ-સમ્ભાવિતાઃ	(પોતાનામાં દાન-બલ-શૌર્ય-વિદ્યા-ઔદાર્ય વગેરે ગુણોને લોકોમાં બતાવવાથી સાધારણ લોકોમાં પૂજાતા હોવાથી) પોતાની જાતને સર્વશ્રેષ્ઠ માની બેસેલા (અને તેના કારણે)
સ્તબ્ધાઃ	અતિશય અવિનયવાળા ઘમંડી બનેલા,
ધન-માન-મદાન્વિતાઃ	પોતાની પાસે અધિક ધન હોવાથી લોકોમાં મળતા માનથી તે માનના મદમાં છકેલા એવા
તે	તે (પ્રકરણમાં કહેવાઈ રહેલા આસુરો)

દમ્ભેન	દમ્ભપૂર્વક (બીજાઓને છેતરવા)
નામયજ્ઞૈઃ	(ફક્ત પોતાની વાહવાહ માટેના જ) નામમાત્રના જ યજ્ઞો વડે
અવિધિપૂર્વકમ્	(ભગવદ્ ભજનાર્થ ભગવાનના અંશરૂપ દેવોના યજન અંગેની) શાસ્ત્રીય વિધિરહિત
યજન્તે	યજ્ઞો કરે છે ।। ૧૭ ।।

ભાવાર્થ – (પોતાનામાં દાન-બલ-શૌર્ય-વિદ્યા-ઔદાર્ય વગેરે ગુણોને લોકોમાં બતાવવાથી સાધારણ લોકોમાં પૂજાતા હોવાથી) પોતાની જાતને સર્વશ્રેષ્ઠ માની બેસેલા (અને તેના કારણે) અતિશય અવિનયવાળા ઘમંડી બનેલા, પોતાની પાસે અધિક ધન હોવાથી લોકોમાં મળતા માનથી તે માનના મદમાં છકેલા એવા તે (પ્રકરણમાં કહેવાઇ રહેલા આસુરો) દમ્ભપૂર્વક (બીજાઓને છેતરવા) (ફક્ત પોતાની વાહવાહ માટેના જ) નામમાત્રના જ યજ્ઞો વડે (ભગવદ્ ભજનાર્થ ભગવાનના અંશરૂપ દેવોના યજન અંગેની) શાસ્ત્રીય વિધિરહિત યજ્ઞો કરે છે ।। ૧૭ ।।

અહંકારં બલં દર્પં કામંક્રોધં ચ સંશ્રિતાઃ ।
મામાત્મપરદેહેષુ પ્રદ્વિષન્તોડભ્યસૂયકાઃ ।। ૧૮ ।।

અન્વય	અર્થ
અહંકારમ્	(હું બીજાની અપેક્ષા વિના જ બધું કરું છું તેવું) અભિમાન,
બલમ્	બલ (હું બધું કરવા સમર્થ છું તેમ માનવું),
દર્પમ્	ગર્વ (મારા સમાન બીજો કોઇ નથી તેવો ગર્વ),
કામમ્	મનની અનેકવિધ અભિલાષાઓ,
ચ	અને (હર્ષ-ઉદ્વેગ વગેરે તથા)
ક્રોધમ્	કારણ વિનાનો મનમાં ક્લેશ હોવો,
સંશ્રિતાઃ	(વગેરે અસદ્ ગુણોથી) સારી રીતે જોડાયેલા (એવા આ લોકો)
આત્મ-પરદેહેષુ	પોતાના અને બીજાના દેહમાં વિશેષ પ્રકારે-અન્તર્યામીરૂપે સ્થિત એવા
મામ્	મારી સાથે
પ્રદ્વિષન્તઃ	પ્રકર્ષે દ્વેષ કરતાં (પોતાની અંદર રહેલા ઈશ્વરનો દ્વેષ- ઈશ્વર વળી કોણ છે' 'બધું મારા સામર્થ્યથી હું કરું છું' વગેરે પ્રકારે ભગવાનના નિયન્તાપણાનો દ્વેષ અને બીજાના દેહમાં રહેલા ઈશ્વરનો દ્વેષ બીજાની ઈર્ષ્યા અથવા બીજા વડે થનારા ભગવદ્ ભજન વગેરે પરત્વે યા તેનાં સત્કાર્યો પરત્વે ઈર્ષ્યા કરી તેની ભર્ત્સના કરવી વગેરે),
અભ્યસૂયકાઃ	દોષરહિત લોકો ઉપર પણ બનાવટી દોષોનું આરોપણ કરીને તેમની નિન્દા કરતાં (અથવા રામ-કૃષ્ણ વગેરે ભગવદ્વિગ્રહ ભગવદ્અવતારોનો દિવ્ય વૈભવ નહીં જોઇ-વિચારી તેમનામાં અતિમાનુષ-લૌકિક ભાવ રાખી બુદ્ધિ વિના તેમના ઉપર ઉપજાવી કાઢેલા દોષોનું આરોપણ કરી તેમની નિન્દા કરતાં) (આવા આસુરો પૂર્વ શ્લોકમાં જણાવેલ દમ્ભપૂર્વક યજ્ઞો કરે છે ।। ૧૮ ।।

ભાવાર્થ – (હું બીજાની અપેક્ષા વિના જ બધું કરું છું તેવું) અભિમાન, બલ (હું બધું કરવા સમર્થ છું તેમ માનવું), ગર્વ (મારા સમાન બીજો કોઇ નથી તેવો ગર્વ), મનની અનેકવિધ અભિલાષાઓ, અને (હર્ષ-ઉદ્વેગ વગેરે તથા) કારણ વિનાનો મનમાં ક્લેશ હોવો, (વગેરે અસદ્ ગુણોથી) સારી રીતે જોડાયેલા (એવા આ લોકો) પોતાના અને બીજાના દેહમાં

વિશેષ પ્રકારે-અન્તર્યામીરૂપે સ્થિત એવા મારી સાથે પ્રકર્ષે દ્વેષ કરતાં (પોતાની અંદર રહેલા ઈશ્વરનો દ્વેષ - ઈશ્વર વળી કોણ છે' 'બધું મારા સામર્થ્યથી હું કરું છું' વગેરે પ્રકારે ભગવાનના નિયન્તાપણાનો દ્વેષ અને બીજાના દેહમાં રહેલા ઈશ્વરનો દ્વેષ બીજાની ઈર્ષ્યા અથવા બીજા વડે થનારા ભગવદ્ ભજન વગેરે પરત્વે યા તેનાં સત્કાર્યો પરત્વે ઈર્ષ્યા કરી તેની ભર્ત્સના કરવી વગેરે), દોષરહિત લોકો ઉપર પણ બનાવટી દોષોનું આરોપણ કરીને તેમની નિન્દા કરતાં (અથવા રામ-કૃષ્ણ વગેરે ભગવદ્વિગ્રહ ભગવદ્ અવતારોનો દિવ્ય વૈભવ નહીં જોઈ-વિચારી તેમનામાં અતિમાનુષ-લૌકિક ભાવ રાખી બુદ્ધિ વિના તેમના ઉપર ઉપજાવી કાઢેલા દોષોનું આરોપણ કરી તેમની નિન્દા કરતાં) (આવા આસુરો પૂર્વ શ્લોકમાં જણાવેલ દમ્ભપૂર્વક યજ્ઞો કરે છે ॥ ૧૮ ॥

તાનહં દ્વિષતઃ ક્રૂરાન્ સંસારેષુ નરાધમાન્ ।
ક્ષિપામ્યજસ્રમશુભાનાસુરીષ્વેવ યોનિષુ ॥ ૧૯ ॥

અન્વય	અર્થ
તાન્	એ
દ્વિષતઃ	દ્વેષ કરનારાઓ (કે)
અશુભાન્	જેમનામાં શુભત્વ છે જ નહીં તેવા અશુભો-પાપાચરણ કરનારા
ક્રૂરાન્	નિષ્ઠુરો (કે જેઓ)
નરાધમાન્	મનુષ્યોમાં અધમ-તામસ્ સ્વભાવવાળાઓને
અહં	હું (સર્વેશ્વર)
સંસારેષુ	અહં-મમરૂપ અથવા જન્મ-મરણરૂપ સંસૃતિ એવી
આસુરીષુ	આસુરી ('કપૂયાં યોનિં આપદ્યેરન્ શ્વયોનિં સૂકરયોનિં વા' એ શ્રુતિમાં કહ્યા મુજબની)
યોનિષુ	યોનિઓમાં
એવ	જ
અજસ્રામ્	વારંવાર-નિરન્તર
ક્ષિપામિ	(ક્રોધપૂર્વક) નાંખું છું ॥ ૧૯ ॥

ભાવાર્થ – એ દ્વેષ કરનારાઓ (કે) જેમનામાં શુભત્વ છે જ નહીં તેવા અશુભો-પાપાચરણ કરનારા નિષ્ઠુરો (કે જેઓ) મનુષ્યોમાં અધમ-તામસ્ સ્વભાવવાળાઓને હું (સર્વેશ્વર) અહં-મમરૂપ અથવા જન્મ-મરણરૂપ સંસૃતિ એવી આસુરી ('કપૂયાં યોનિં આપદ્યેરન્ શ્વયોનિં સૂકરયોનિં વા' એ શ્રુતિમાં કહ્યા મુજબની) યોનિઓમાં જ વારંવાર-નિરન્તર (ક્રોધપૂર્વક) નાંખું છું ॥ ૧૯ ॥

આસુરીં યોનિમાપન્ના મૂઢા જન્મનિ જન્મનિ ।
મામપ્રાપ્યૈવ કૌન્તેય તતો યાન્ત્યધમાં ગતિમ્ ॥ ૨૦ ॥

અન્વય	અર્થ
કૌન્તેય	(મારી પ્રાપ્તિમાં યોગ્ય એવા ભક્તના ગૃહે જન્મેલ) હે કુન્તીના પુત્ર અર્જુન !
મૂઢાઃ	એ મૂઢ લોકો
જન્મનિ-જન્મનિ	જન્મોજન્મમાં (પૂર્વમાં કહ્યા મુજબના થઈને)
આસુરીમ્	(મારા ધર્મોના - ભગવદ્ધર્મોનાં આચરણ માટેની પ્રતિકૂલ એવી) આસુરી
યોનિમ્	યોનિને

આપન્નાઃ	પ્રાપ્ત કરીને (તે યોનિઓમાં મારી પ્રાપ્તિ માટેનાં સાધનોનો અભાવ હોવાથી)
મામ્	મને
અપ્રાપ્ય	નહીં પામીને
એવ	જ (મારી અવતાર દશામાં હું સર્વદર્શનયોગ્ય હોવા છતાં પણ મારા સ્વરૂપને નહીં જાણી શકવાથી મારા દર્શનને નહીં પામીને જ)
તતઃ	તે પછી (જન્મની સમાપ્તિમાં - જન્મોજન્મ આસુરી યોનિમાં જઈને અન્તે જન્મની સમાપ્તિમાં)
અધમામ્	(અન્ધંતમઃ માં પ્રવેશરૂપ) અધમા
ગતિમ્	ગતિને
યાન્તિ	પ્રાપ્ત કરે છે ।। ૨૦ ।।

ભાવાર્થ – (મારી પ્રાપ્તિમાં યોગ્ય એવા ભક્તના ગૃહે જન્મેલ) હે કુન્તીના પુત્ર અર્જુન ! એ મૂઢ લોકો જન્મોજન્મમાં (પૂર્વમાં કહ્યા મુજબના થઈને) (મારા ધર્મોના - ભગવદ્ધર્મોનાં આચરણ માટેની પ્રતિકૂલ એવી) આસુરી યોનિને પ્રાપ્ત કરીને (તે યોનિઓમાં મારી પ્રાપ્તિ માટેનાં સાધનોનો અભાવ હોવાથી) મને નહીં પામીને જ (મારી અવતાર દશામાં હું સર્વદર્શનયોગ્ય હોવા છતાં પણ મારા સ્વરૂપને નહીં જાણી શકવાથી મારા દર્શનને નહીં પામીને જ) તે પછી (જન્મની સમાપ્તિમાં - જન્મોજન્મ આસુરી યોનિમાં જઈને અન્તે જન્મની સમાપ્તિમાં) (અન્ધંતમઃ માં પ્રવેશરૂપ) અધમા ગતિને પ્રાપ્ત કરે છે ।। ૨૦ ।।

દૈવી જીવોમાં ઉક્ત આસુર લક્ષણોનો અભાવ હોઈને પણ આસુરોના સંગથી તેમનામાં આસુરોના મુખ્ય ત્રણ ધર્મોની ઉત્પત્તિ થાય છે અને તે ધર્મો જ નરક દ્વાર-નરકમાં જવાનાં સાધન છે તેથી તેવાઓનો સંગ ત્યાગવા જણાવે છે -

ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ ।
કામઃ ક્રોધસ્તથા લોભસ્તસ્માદેતત્ ત્રયં ત્યજેત્ ।। ૨૧ ।।

અન્વય	અર્થ
કામઃ	રમણ વડે પોતે આનન્દ ભોગવવાની ઈચ્છારૂપ કામ,
ક્રોધઃ	કારણ વિના હૃદયમાં તાપરૂપ ક્રોધ
તથા	તેમજ
લોભઃ	સર્વ ગુણોનો નાશ કરનાર બીજાની વસ્તુને પ્રાપ્ત કરવાની ઈચ્છારૂપ લોભ
ઈદમ્	આ
ત્રિવિધમ્	ત્રણ પ્રકારનું
નરકસ્ય	નરકનું
દ્વારમ્	દ્વાર (નરકમાં પ્રવેશવાનું સાધન) છે (કે જે)
આત્મનઃ	જીવનો (સંસારમાં અધઃ પાત કરાવી)
નાશનમ્	નાશ કરનાર (અધોગતિમાં લઈ જનાર) છે.
તસ્માત્	તેથી
એતત્	આ
ત્રયમ્	ત્રણ

ત્યજેત્	ત્યાગવા (આ ત્રણેનો સંગ ત્યાગવો) ॥ ૨૧ ॥

ભાવાર્થ – રમણ વડે પોતે આનન્દ ભોગવવાની ઈચ્છારૂપ કામ, કારણ વિના હૃદયમાં તાપરૂપ ક્રોધ તેમજ સર્વ ગુણોનો નાશ કરનાર બીજાની વસ્તુને પ્રાપ્ત કરવાની ઈચ્છારૂપ લોભ આ ત્રણ પ્રકારનું નરકનું દ્વાર (નરકમાં પ્રવેશવાનું સાધન) છે (કે જે) જીવનો (સંસારમાં અધઃપાત કરાવી) નાશ કરનાર (અધોગતિમાં લઈ જનાર) છે. તેથી આ ત્રણ ત્યાગવા (આ ત્રણેનો સંગ ત્યાગવો) ॥ ૨૧ ॥

એતૈર્વિમુક્તઃ કૌન્તેય તમોદ્વારૈસ્ત્રિભિર્નરઃ ।
આચરત્યાત્મનઃ શ્રેયસ્તતો યાતિ પરાં ગતિમ્ ॥ ૨૨ ॥

અન્વય	અર્થ
કૌન્તેય	(સત્સંગ ગુણથી સમ્પન્ન એવા) હે કુન્તીપુત્ર અર્જુન !
એતૈઃ	આ
ત્રિભિઃ	ત્રણે (કામ-ક્રોધ-લોભમાં સંગ ત્યાગ વડે)
તમોદ્વારૈઃ	નરકના દ્વારથી
વિમુક્તઃ	વિશેષપ્રકારે મુક્ત થયેલો
નરઃ	પુરુષ-મનુષ્ય
આત્મનઃ	પોતાનાં
શ્રેયઃ	કલ્યાણનું (જેમાં કલ્યાણ થાય તેવા ભગવદ્‌ભજન વગેરેનું)
આચરતિ	આચરણ કરે છે,
તતઃ	તેના થકી (તે)
પરામ્	પરમ
ગતિમ્	ગતિને
યાતિ	પ્રાપ્ત કરે છે ॥ ૨૨ ॥

ભાવાર્થ – (સત્સંગ ગુણથી સમ્પન્ન એવા) હે કુન્તીપુત્ર અર્જુન ! આ ત્રણે (કામ-ક્રોધ-લોભમાં સંગ ત્યાગ વડે) નરકના દ્વારથી વિશેષપ્રકારે મુક્ત થયેલો પુરુષ-મનુષ્ય પોતાનાં કલ્યાણનું (જેમાં કલ્યાણ થાય તેવા ભગવદ્‌ભજન વગેરેનું) આચરણ કરે છે, તેના થકી (તે) પરમ ગતિને પ્રાપ્ત કરે છે ॥ ૨૨ ॥

યઃ શાસ્ત્રવિધિમુત્સૃજ્ય વર્તતે કામકારતઃ ।
ન સ સિદ્ધિમવાપ્નોતિ ન સુખં ન પરાં ગતિમ્ ॥ ૨૩ ॥

અન્વય	અર્થ
યઃ	જે પુરુષ (આસુરો અને આસુરી ધર્મોનો સંગ નહીં ત્યાગીને)
શાસ્ત્રવિધિમ્	શાસ્ત્રમાં જણાવેલ વિધિનો
ઉત્સૃજ્ય	ત્યાગ કરી- અવગણીને
કામકારતઃ	મનમાની પોતાની ઈચ્છા મુજબ (અશાસ્ત્રીય પ્રકારમાં)
વર્તતે	વર્તન-આચરણ કરે છે
સઃ	તે (તેવા લોકો)
ન	ન તો
સિદ્ધિમ્	પોતાની મનોભિલાષાને
અવાપ્નોતિ	પામે છે (કે)

ન	ન તો
સુખમ્	મનના આનન્દને પામે છે (કે)
ન	ન તો
પરામ્	પરમ (મોક્ષ)
ગતિમ્	ગતિને (પામે છે) ॥ ૨૩ ॥

ભાવાર્થ – જે પુરુષ (આસુરો અને આસુરી ધર્મોનો સંગ નહીં ત્યાગીને) શાસ્ત્રમાં જણાવેલ વિધિનો ત્યાગ કરી- અવગણીને મનમાની પોતાની ઈચ્છા મુજબ (અશાસ્ત્રીય પ્રકારમાં) વર્તન-આચરણ કરે છે તે (તેવા લોકો) ન તો પોતાની મનોભિલાષાને પામે છે (કે) ન તો મનના આનન્દને પામે છે (કે) ન તો પરમ (મોક્ષ) ગતિને (પામે છે) ॥ ૨૩ ॥

તસ્માચ્છાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ ।
જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તં કર્મ કર્તુમિહાર્હસિ ॥ ૨૪ ॥

અન્વય	અર્થ
તસ્માત્	તે કારણથી
તે	(દૈવી સમ્પદામાં ઉત્પન્ન થયેલા એવા) તને
કાર્યાકાર્ય	કાર્ય (આ કરવું જોઈએ) અને અકાર્ય (આ ન કરવું જોઈએ)
વ્યવસ્થિતૌ	એ બન્નેની વ્યવસ્થામાં
શાસ્ત્રમ્	શાસ્ત્ર (જ)
પ્રમાણમ્	પ્રમાણ છે (એમ)
જ્ઞાત્વા	જાણીને (એમ બુદ્ધિમાં બરાબર સ્થિર કરીને)

ઈહ	આ જગતમાં
શાસ્ત્રવિધાનોક્તમ્	શાસ્ત્રમાં બતાવેલ વિધિ-શાસ્ત્રમાં નિયત કરાયેલ
કર્મ	કર્મ (ક્રિયા)
કર્તુમ્	કરવા (તારા માટે)
અર્હસિ	યોગ્ય છે ॥ ૨૪ ॥

ભાવાર્થ – તે કારણથી (દૈવી સમ્પદામાં ઉત્પન્ન થયેલા એવા) તને કાર્ય (આ કરવું જોઈએ) અને અકાર્ય (આ ન કરવું જોઈએ) એ બન્નેની વ્યવસ્થામાં શાસ્ત્ર (જ) પ્રમાણ છે (એમ) જાણીને (એમ બુદ્ધિમાં બરાબર સ્થિર કરીને) આ જગતમાં શાસ્ત્રમાં બતાવેલ વિધિ-શાસ્ત્રમાં નિયત કરાયેલ કર્મ (ક્રિયા) કરવા (તારા માટે) યોગ્ય છે ॥ ૨૪ ॥

ઈતિ શ્રીમદ્ ભગવદ્ ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે દૈવાસુરસમ્પદ્ વિભાગ યોગો નામ ષોડશોડધ્યાયઃ ॥ ૧૬ ॥